

શ્રી સ્વામિનારાયણ મંદિરના શિખરજી પર
કળશ આરૂઢ થયા પશ્ચાત

# શ્રી મંદિરજીની શોભાનાં અનુપમ દર્શન

શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવના તૃતીય દિનના સંધ્યાકાળ સુધીમાં નૂતન મંદિરજીના શિખરજી પર સુવર્ણ મંડિત કળશજી સ્થાપિત થઈ ગયા હતા અને ધર્મની ધજા ફરકી રહી હતી. આ શોભા અપ્રતિમ દિવ્યતાની અનુભૂતિ કરાવી રહી હતી. જેના સંકલ્પે આ સર્જન અને દર્શન પ્રત્યક્ષ થયાં તેવા સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો જ્યારે આ મંદિરજી સમક્ષ પધાર્યા ત્યારે સર્જાયેલા દિવ્ય વાતાવરણના સંસ્પર્શ અનુપમ હતા. ‘બ્રહ્મકળશ’ સભામંડપમાં યોજિત સંધ્યાસભામાં સંતભગવંત સાહેબજી પ્રેરિત અનુપમ મિશન તથા શ્રી મંદિરજીની વિશિષ્ટ પ્રસ્તુતિ કરવામાં આવી. આ પ્રસ્તુતિ બેનમૂન હતી. અનુપમ મિશનના વિડિયો વિભાગમાં સેવા કરતા સંતો અને સેવકો દ્વારા તૈયાર કરાયેલ વિડિયો પ્રસ્તુતિમાં યોગીજી મહારાજનાં માહાત્મ્ય, કળશ મહોત્સવ નિમિત્તે ઑસ્ટ્રેલિયા-ન્યૂઝિલૅન્ડના અક્ષરમુક્તોની વિશિષ્ટ પ્રસ્તુતિ, અનુપમ મિશનનાં સેવાકાર્યોની આછેરી ઝલક, સંતભગવંત સાહેબજીના સંકલ્પે સર્જાયેલાં અનુપમ મિશનનાં દેશ અને પરદેશનાં મંદિરો, નૂતન મંદિરજીના નિર્માણની ઝાંખી માણી સૌ અભિભૂત થયાં અને તેઓની સેવાને મનોમન વંદી રહ્યાં.

૧૬ જાન્યુઆરી, ૨૦૨૨



દિવ્ય દર્શનમ્

યુગ અનંત પર્યંત આ મંદિર ઉપાસનાનાં કરશે ગાન...
અક્ષરપુરુષોત્તમ જયઘોષે ગૂંજતાં રહેશે સર્વે ધામ !

~ સંતભગવંત સાહેબજી



ડૉ. જિતુભાઈ-રીટાબહેનનાં અભિવાદન

દિવ્ય દર્શનમ્

બિમલભાઈ-પૂજાબહેનનાં અભિવાદન



# શ્રી ઠાકોરજી મહારાજની
# મહાઆરતી

નૂતન મંદિરજીના શિખર પર કળશજી પધરાવ્યા બાદ મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તો દ્વારા ઐતિહાસિક મહાઆરતી સર્વ પ્રથમ વખત અર્પણ કરવામાં આવી. સૌ સંતો અને ભક્તોના હૈયામાં પ્રગટ થયેલ ભક્તિ અને શ્રદ્ધાના બ્રહ્મપ્રકાશની ઓજસ્વી દિવ્યતા અનુપમ હતી ! આ મહાઆરતીનો બ્રહ્મપ્રકાશ સૌના અંતરને પરમ તેજે પ્રકાશિત કરી રહ્યો હતો. તેમાંય સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો, વ્રતધારી સંતો, ગુણાતીત જ્યોતનાં સંત બહેનોની દિવ્ય મંગલકારી ઉપસ્થિતિથી આતમ આંગણું પ્રજ્વલિત થયું હતું. પ્રત્યેક સંતો અને અક્ષરમુક્તોના હસ્તમાં શોભતી ભક્તિભાવની આરતનો પ્રકાશ ઘેરા નભને પ્રકાશિત કરી રહ્યો હતો, જેનાં દર્શન મનભાવન હતાં. અંતરની તેજોમય નિષ્ઠાની જ્યોત સાથે મંદિરજીમાં બિરાજમાન શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત સ્વરૂપોને તથા સુવર્ણમંડિત કળશ સહિત સમગ્ર મંદિરજીને આરતી અર્પણ કરવામાં આવી. તે સમયે મંદિરના પશ્ચાદ્ ભૂમાં થતી આતશબાજીની રોશનીએ અનેરી શોભાથી મંદિરજીને સજાવી દીધું. શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવની અનેક દિવ્ય ચિરસ્મરણીય કલ્યાણકારી સ્મૃતિઓ પૈકી શ્રી ઠાકોરજી મહારાજની આ મહાઆરતીની પવિત્ર સ્મૃતિ સહજ શાશ્વત બની રહી. ◆



